The Bell Foundation

# 2021 માં શાળાઓ GCSE ગ્રેડ્સનો કેવી રીતે નિણર્ય કરશે

## જેઓ અંગ્રેજીનો વધારાની ભાષા (EAL) તરીકે ઉપયોગ કરે છે તેવા વિદ્યાથીર્ઓ માટે માગર્દશિર્કા




## આ માગર્દશિર્કામાં શું સમાવિષ્ટ છે?

2021 ગ્રિષ્મમાં તમારા GCSE ગ્રેડ્સનો નિણર્ય તમારી શાળા કેવી રીતે કરશે અને તૈયારી કરવા માટે તમારે શુ કરવું જોઈએ એનાં પરામશર્ વિષે અહીં તમને માહિતી મળશે.

ગતવષર્થી કોવિડ-19 મહામારીનાં કારણે ઘણી શાળાઓને લાંબા સમય સુધી બંધ રાખવી પડી છે. આ કારણે સરકારે નિણર્ય કર્યો કે આ વષેર્ GCSE ની પરીક્ષા લેવી અનુચિત રહેશે. તેનાં સ્થાને બીજી રીતે શિક્ષકો તમારું મૂલ્યાંકન કરશે અને તમારા ગ્રેડ્સ વિષે નિણર્ય લેશે.

આ માગર્દશિર્કા તમને નીચે પ્રમાણે માહિતી આપે છે:

- તમારી શાળા અને શિક્ષકો કેવી રીતે તમારા ગ્રેડ્સનો નિણર્ય કરશે
- જો તમે તમારા ગ્રેડ અથવા ગ્રેડ્સથી સંતુષ્ટ નથી, તો તમારા કયા અધિકારો છે અને તમે શું કરી શકો છો
- શિક્ષક મૂલ્યાંકન માટે તમે કેવી રીતે તૈયારી કરી શકો

સંપૂણર્ સરકારી માગર્દશિર્કા વાંચવા માટે https://www.gov.uk/government/publications/awarding-qualifications-in-summer-2021/awarding-qualifications-in-summer-2021 પર જાઓ

## 1. તમારા ગ્રેડ્સ પર શાળા કેવી રીતે નિર્ણય લેશે?

મોટા ભાગનાં વિદ્યાથીર્ઓ માટે શાળાઓ ઘણાં અઠવાડિયા સુધી બંધ હતી અને એ સમયે મોટા ભાગનું શિક્ષણ ઓનલાઇન અપાયું. માટે જ સરકારે નિણર્ય લીધો છે કે GCSE, AS અને A લેવલ માટે પરીક્ષાઓનાં સ્થાને શિક્ષક મૂલ્યાંકન થશે.

- 2021 ગિર્ષ્મમાં તમારી પરીક્ષાઓ લેવામાં આવશે નહીં. ઓનલાઈન લેશન્સ અને ક્લાસરૂપ લનિર્ંગ વખતનાં તમારા કાયર્ના જ આધારે શિક્ષકો તમારા કાયર્નું મૂલ્યાંકન કરશે. તમારા ગ્રેડ્સ્ પર નિણર્યમાં સહાયતા માટે શિક્ષકો એક્સામ બોડ્સર્થી મોક એક્સામનો અને મૂલ્યાંકન પેપસર્નો ઉપયોગ કરી શકે છે.
- આ ગરીષ્મમાં કોઇ પરીક્ષાઓ લેવાશે નહીં, પણ અન્ય વષોર્ કરતા સારા ગ્રેડ્સ મેળવવાનું વધુ મુશ્કેલ હોવું જોઈએ નહીં.
- જો તમારા શિક્ષકોએ તેમના ટિચિંગ પર્ોગર્ામ ("અભ્યાસકર્મ") માં બધા પાઠ ભણાવ્યા ન હોય, તો તેઓ ફક્ત તમને શીખવેલી સામગરીનું મૂલ્યાંકન કરશે.
- તમારા ગ્રેડ્સ નિધાર્રિત કરવા માટે, વિષયનાં અભ્યાસકર્મમાં તમારા દ્વારા પર્દાન કરેલ બધા કામને તમારા શિક્ષકો જોઇ શકે છે. ઉદાહરણ તરીકે કી સ્ટેજ 4 વખતે અંગ્રેજી માટે તમારા દ્વારા પૂણર્ થયેલ કોઈપણ કામ.
- આ વષર્નાં અંતે તમારા ગ્રેડ્સ વિષે તમારા શિક્ષકો નિણર્ય લેશે. આ એટલા માટે કેમકે લોકડાઉન દરમિયાન ઘણા પાઠ અટવાઇ ગયા હોવાથી તેઓ શક્ય તેટલું વધુ સમય માટે શિક્ષણ ચાલુ રાખવા માંગે છે. શિક્ષકોએ **18 જૂન 2021** સુધીમાં ગ્રેડ નક્કી કરવો આવશ્યક છે.

  માધ્યમિક શાળાઓમાં કેટલાક વિષયોની પરીક્ષાઓ માટેની જુદી આકારણીઓ હોય છે, ઉદાહરણ તરીકે ડાન્સ અને ડિઝાઇન અને ટેકનોલોજી જેવા વિષયો. આ **બિન-પરીક્ષા આકારણીઓ** (NEA) છે. તમારે તમારા NEA માટે તૈયારીઓ કરવાનું ચાલુ રાખવું જોઈએ: તમારા શિક્ષકો તેમને માકર્ કરશે, અને તે વિષયોમાં તમારા અંતિમ ગ્રેડનો એક ભાગ હશે.
- મહેરબાની કરીને ચિંતા કરશો નહીં જો કોવિડ -19 રોગચાળાને કારણે કંઈક થયું અને તમે તમારી NEA પૂણર્ ન કરી શકો. આવું થાય તો તમે મુશ્કેલીમાં નહી મુકાવ કે માકર્ નહી ગુમાવો.
- GCSE, AS અને A માં, આટર્ અને ડિઝાઇનમાં તમારા ગ્રેડ ફક્ત તમારા પોટર્ફોલિયો પર આધારિત હશે. ("પોટર્ફોલિયો" એ તમારા આ વિષયમાં તમે બનાવેલા બધા ડર્ોઇંગ, દસ્તાવેજો અને ડિઝાઈનનું કલેક્શન છે.)

## 2. જો તમે તમારા ગ્રેડ સાથે સહમત ન હો તો તમે શું કરી શકો?

જો તમે પર્ાપ્ત કરેલ ગર્ેડથી ખુશ ન હો, તો તમે તેને બદલવા માટે કહી શકો છો. આને "તમારા ગર્ેડની અપીલ" કહેવામાં આવે છે. તમે આ બે કારણોને લીધે અપીલ કરવાનું પસંદ કરી શકો છો:

### 1. વહીવટી અથવા પર્કિર્યાગત ભૂલો:

કમ્પ્યુટર અથવા ફોમર્માં તમારા ગર્ેડને ખોટી રીતે દાખલ કરવાને કારણે આ સમસ્યાઓ થાય છે.

- તમારે પહેલા તમારી શાળાને તેમણે ભૂલ કરી છે કે નહી તે તપાસવા માટે પૂછવું જોઈએ.
- જો કોઈ ભૂલ થઈ હોય, તો તમારી શાળા પરીક્ષા બોડર્નો સંપકર્ કરશે. જો પરીક્ષા બોડર્ સંમત થાય, તો તેઓ તમારો ગર્ેડ બદલશે.



## 2. શૈક્ષણિક નિર્ણયમાં ભૂલો:

આ ભૂલો શિક્ષકના કારણે થાય છે, જેમાં તમારા મતે તમારા કાર્યની ગુણવત્તાને ખોટી રીતે આંકવામાં આવી છે.



- જો તેમાં કોઈ વહીવટી અથવા પ્રક્રિયાગત ભૂલ ન હોય, તો તમે તમારી શાળાને તમારા વતી પરીક્ષા બોર્ડમાં અપીલ કરવા માટે કહી શકો છો (આનો અર્થ "તમારા નામે" છે). તમારા કામનું મુલ્યાંકન કરનાર શિક્ષકે **શૈક્ષણિક** ભૂલ કરી છે કે કેમ તે પરીક્ષા બોર્ડ નક્કી કરશે. જો તેઓ તમારી સાથે સંમત થાય, તો તમારો ગ્રેડ બદલાશે.
- **બોર્ડ દ્વારા તમારા ગ્રેડ બદલવા માટે તમારા શિક્ષક દ્વારા કરવામાં આવતી શૈક્ષણિક** ભૂલો ખૂબ ગંભીર હોવી આવશ્યક છે.

યાદ રાખો કે તમારી અપીલ પ્રક્રિયા તમારા ગ્રેડને ઉપર અથવા નીચે લઈ જઈ શકે છે.

તમને **10 ઓગસ્ટ 2021 ના રોજ AS અને A લેવલ માટે અને 12 ઓગસ્ટ 2021 ના રોજ GCSE માટે તમારા ગ્રેડ પ્રાપ્ત થશે.**

## 3. તમારા શિક્ષકો તમારા ગ્રેડ વિશે નિર્ણય લે તે પહેલાં તમે શું કરી શકો?

તમારા શિક્ષકો તમારા ગ્રેડ નક્કી કરે અને ગ્રીષ્મમાં તેમને પરીક્ષા બોર્ડમાં મોકલે તે પહેલાં, તે મહત્વનું છે કે તમે શાળામાં સતત મહેનત ચાલુ રાખશો. આ હજી પણ ખૂબ જ મહત્વપૂર્ણ સમય છે. જો તમે અત્યારે અને ગ્રીષ્મ વચ્ચે શ્રેષ્ઠ પ્રયાસ કરો તો તમે તમારા ગ્રેડમાં સુધારો કરી શકો છો.

### તમારી આકારણીઓ માટે તૈયારી કરો:




- તમારા વિવિધ વિષયો વિશે વિચારો. નક્કી કરો કે તેમાંના કયા વિષયોમાં તમારે અન્ય કરતા વધારે મહેનતની જરૂર પડશે: કયા વિષયો તમારી શક્તિ છે, અને તમે કયા વિષયોમાં નબળા છો?
- કોઈ પરીક્ષાઓ નહીં લેવાય, પરંતુ તમારા શિક્ષકો તમારા આકારણીના ભાગ રૂપે પાછલા પરીક્ષાના પેપર અથવા ભૂતકાળના પરીક્ષાના પેપરના પ્રશ્નોનો ઉપયોગ કરી શકે છે. પરીક્ષાના પ્રશ્નોના જવાબો કેવી રીતે આપવા તે જાણો:
  - જો તમે પાછલા પેપરના તમામ સૂચના શબ્દોના અર્થો સમજી રહ્યા હો તો તપાસો (ટ્રિનિટી ઇમિગ્રેશન ઇનિશિએટિવના આ સંસાધનો તમને ખૂબ મદદરૂપ થઈ શકે છે)
  - તમારા લેખનમાં સૂચના શબ્દોનું અવલોકન કરવું, યાદ રાખવું અને તેનો ઉપયોગ કરવો
  - પ્રશ્નોમાં સૂચના શબ્દોને હાઇલાઇટ કરવા અથવા અંડરલાઇન કરવા
  - મોડેલ જવાબોની નોંધ (જો તમારી પાસે આવા મોડેલો હોય તો)




- અંગ્રેજીમાં ભણતર હોવું જરૂરી નથી: તમે એક કરતા વધારે ભાષાઓ જાણો છો. તમે તમારી પોતાની ભાષામાં વેબસાઇટ્સ શોધીને તમારા મુદ્દાઓ અને તમારા વિષયો પર સંશોધન કરી શકો છો અને તમે તમારી પોતાની ભાષામાં વિડિઓ જોઈ શકો છો.
  - ખાન એકેડમી એ ઘણા વિષયોના સંશોધનો માટેનું સારુ સંસાધન છે અને તેનું 30 જુદી જુદી ભાષાઓમાં ભાષાંતર કરવામાં આવે છે.
- તમારા માતાપિતા અથવા તમારા ઘરના અન્ય પુખ્ત વયના લોકો તમારા કામમાં તમને મદદ કરી શકે છે. જો તમારા માતાપિતા ઓછું અંગ્રેજી બોલતા હોય, તો તેઓ તમારી કુટુંબની ભાષા દ્વારા તમને સમર્થન આપી શકે છે.

## મેટાકોગ્નેટીવ સ્કીલ:



મેટાકોગ્નેટીવ સ્કીલ તમને કેવી રીતે શીખો, પ્લાન કરો અને તમે જે જાણો છો તે તપાસવામાં તમને સહાયક છે. તે ખૂબ જ મહત્વપૂર્ણ સ્કીલ છે, ખાસ કરીને તમારા અંતિમ મૂલ્યાંકન પહેલાં. તમે આ સ્કીલ દ્વારા આને સુધારી શકો છો:

- તમારી જાતને આ પ્રશ્નો પૂછીને (તમારા શિક્ષકો તમારી કસોટી કરે તે પહેલા) તમારી જાતે પરીક્ષણ કરો:
  - હું પહેલેથી શું જાણું છું?
  - મારે આગળ શું શીખવાનું છે?
  - મને હજી સુધી શું ખબર નથી?
  - મારે તેને શીખવા માટે શું કરવાનું છે?
- તમે જે શીખશો તેનો પ્લાન બનાવવો:
  - તે કેલેન્ડર, ચિત્ર, ચાર્ટ અથવા પોસ્ટરના સ્વરૂપમાં હોઈ શકે છે. તે તમારો પ્લાન છે, તેથી તે તમારી પોતાની ભાષામાં હોઇ શકે.
  - તમારા મોટા કામને નાના ચરણમાં વહેંચો. તેઓ એક દિવસમાં પૂરુ કરવું અને યાદ રાખવું વધુ સરળ છે.

## તમારી અંગ્રેજી ભાષાની કુશળતા વિકસાવવાનું મહત્વ:

તમે કરો છો તે તમામ કાર્ય અને કોઈપણ આકારણીઓ અંગ્રેજીમાં હશે, તેથી તમારી અંગ્રેજી ભાષાને વિકસિત કરવાનું ચાલુ રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો તમારી અભિવ્યક્તિ સ્પષ્ટ અને ચોક્કસ હશે તો તમે તમારા જ્ઞાન અને કુશળતાને તમારા શિક્ષકોને વધુ સારી રીતે બતાવી શકશો. તમારી અંગ્રેજી ભાષાને સુધારવા માટે આ આઇડિયા અંગે વિચારો:



- કોઈ એવો મિત્ર શોધો કે જેની સાથે તમે તમારા કાર્ય અને તમારા આકારણીઓ વિશે અંગ્રેજીમાં વાત કરી શકો. તેઓ તમારા લેખિત કાર્યની સમીક્ષા પણ કરી શકે છે અને તમે તમારા શિક્ષકને સોંપતા પહેલા તેનું મૂલ્યાંકન કરી શકે છે.
- જેટલું વાંચી શકો તેટલું વાંચો. તે તમને અંગ્રેજી વ્યાકરણ અને શબ્દભંડોળની તમારી સમજ સુધારવામાં મદદ કરશે. તમે 'ગ્રેડેડ રિડર' નો ઉપયોગ કરી શકશો, જે અંગ્રેજી ભાષાના જુદા જુદા લેવલ(ઉદાહરણ તરીકે, શિખાઉ, મધ્યવર્તી, એડવાન્સ્ડ) માટે ફરીથી લખાયેલા પુસ્તકો છે. બંને પેંગ્વિન ગ્રેડેડ રીડર્સ અને મેકમિલેન ગ્રેડેડ રીડર્સમાં આવા પુસ્તકોનો મોટો સંગ્રહ છે.
- વિવિધ વિષયો પર ભાષણો અને પ્રવચનો સાંભળીને તમારી ફોર્મલ શૈક્ષણિક અંગ્રેજી ભાષાનો વિકાસ કરો. TED ટોક્સ એ ઘણા વિડિઓ સાથેની એક શ્રેષ્ઠ વેબસાઇટ છે. તેમાંથી લગભગ બધી ભાષાઓમાં સબટાઇટલ છે.
- દ્વિભાષી શબ્દકોશનો ઉપયોગ કરો. જો તમારો પરિવાર તે ખરીદી શકે તેમ ન હોય, તો તમે તમારી શાળાને તમારા માટે ખરીદવાનું કહી શકો છો. જો આ શક્ય ન હોય તો, તમે ગૂગલ ટ્રાન્સલેટ જેવી ઓનલાઇન વેબસાઇટનો ઉપયોગ કરી શકો છો.
- તમે જે વિષયો શીખો તેના મહત્વપૂર્ણ શબ્દોને રેકોર્ડ કરવા માટે એક ગ્લોસરી (એક મીની શબ્દકોશ) શરુ કરો અને આ શબ્દોને તમારી ભાષામાં અનુવાદિત કરો. જો તમે શબ્દોનો અર્થ ભૂલી ગયા હોવ તો તમે પછીથી તમારી ગ્લોસરી પર પાછા આવી શકો છો.

કોપિરાઇટ
બધા અધિકાર સુરક્ષિત છે. આ માર્ગદર્શિકાના સ્પષ્ટ મંજૂરી મુજબ "2021 માં શાળાઓ કેવી રીતે GCSE ગ્રેડ નક્કી કરશે: અંગ્રેજીનો જે વધારાની ભાષા (EAL) તરીકે ઉપયોગ કરે છે તે માટે માર્ગદર્શન" નીચે આપેલ છે: "શિક્ષકોને તેમની માર્ગદર્શિકાઓને વિદ્યાર્થીઓના માતાપિતા સાથે ઇમેઇલ દ્વારા, પોસ્ટ દ્વારા અથવા રુબરુમાં વહેંચવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. માતાપિતા સાથેની કોઈપણ વાતચીત દરમિયાન શિક્ષકો પાસે સંબંધિત ભાષા ફ્લેયરની નકલો અને તેમના પોતાના સંદર્ભ માટે અંગ્રેજી આવૃત્તિ રાખવાનું સૂચન કરવામાં આવે છે." કોપિરાઇટ માલિકની લેખિત પરવાનગી વિના, આ પ્રકાશનના કોઈ પણ ભાગને અન્ય કોઈપણ સ્વરૂપમાં (ઇલેક્ટ્રોનિક માધ્યમથી તેને કોઈપણ માધ્યમમાં સંગ્રહિત કરવા અને ક્ષણિક રૂપે અથવા આકસ્મિક રીતે આ પ્રકાશનના કેટલાક અન્ય ઉપયોગ સહિત) પુનઃઉત્પાદિત કરી શકાશે નહીં. કોપિરાઇટ માલિકની આ પ્રકાશનના કોઈપણ ભાગને ફરીથી પ્રકાશિત કરવાની લેખિત મંજૂરી માટેની અરજીઓ પ્રકાશકને આપવી જરૂરી છે.
કોપિરાઇટ © The Bell Educational Trust Limited (બેલ ફાઉન્ડેશન તરીકે કાર્યરત) Label:
બેલ એજ્યુકેશનલ ટ્રસ્ટ લિમિટેડ એ ચેરિટેબલ કંપની છે જે ગેરંટી નંબર 1048465 દ્વારા બાધ્ય છે, જે 5 એપ્રિલ 1972 ના રોજ સ્થાપિત કરવામાં આવી હતી, અને ચેરિટી કમિશન નંબર 311585
સાથે ધ બેલ ફાઉન્ડેશન, રેડ ક્રોસ લેન, કેમ્બ્રિજ સીબી CB2 0QU સરનામે નોંધાયેલી છે